# હિંમતનગરના છાપરીયા વિસ્તારની સબપોસ્ટ ઓફીસને અન્ય સ્થળે ખસેડવાની હિલચાલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

હિંમતનગરના છાપરીયા વિસ્તારમાં પાછલા ૨૦ વર્ષથી સબપોસ્ટ ઓફીસ કાર્યરત છે પરંતુ હવે વિભાગ દ્વારા તઘલખી નિર્ણય લઈ દૂર ભોલેશ્વર ગામમાં ખસેડવાની હિલચાલથી સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે. આ અંગે પોસ્ટમાસ્તર જનરલને પણ સ્થાનિકોએ રજૂઆત કરી સબપોસ્ટ ઓફીસના સ્થળાંતર બાબતે વિરોધ પ્રદર્શિત કર્યો છે.



## સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો

આજના કૂરીયર યુગમાં પોસ્ટ ઓફીસની સેવાઓ જ્યાં ચાલી ત્યાં કિસ્મત જેવી સ્થિતિ છે ત્યારે હિંમતનગરની પ્રજાને ધન્યવાદ આપવા જોઈએ કારણ કે તેમને પોસ્ટ ઓફીસોનું અસ્તિત્વ જાળવી રાખવા માટે મહત્વનું યોગદાન આપ્યું છે. હિંમતનગરના છાપરીયા વિસ્તારમાં સ્થાનિક પ્રજાને સગવડતા પ્રાપ્ત થાય તે માટે ૨૦ વર્ષ અગાઉ સબપોસ્ટ ઓફીસ શરૂ કરવામાં આવી હતી જેના કારણે આસપાસના ૫ કી.મી. વિસ્તારના હજારો લોકો નિયમિત રીતે લાઈટબીલ, ટેલિફોન બીલ, ગેસ બીલ તેમજ પોસ્ટની વિવિધ બચત યોજનાઓમાં પોતાની પૂંજી જમા કરાવતા હતા. પરંતુ કોણ જાણે કેમ વિભાગના અધિકારીઓ પણ હવે બી.એસ.એન.એલ.ની જેમ પોસ્ટ ઓફીસને ભૂતકાળ બનાવવા માગતા હોય તે રીતે છાપરીયા વિસ્તારની સબપોસ્ટ ઓફીસને ભોલેશ્વર ગામમાં ખસેડવાની તજવીજ શરૂ થઈ રહી છે. પોસ્ટ ઓફીસના અકાળે સ્થળાંતરના નિર્ણયથી સિનિયર સિટીઝન, દિવ્યાંગ, વેપારીઓ તેમજ નાના બચતકારોને તકલીફ ઉભી થાય તેમ છે. જ્યારે સબપોસ્ટ ઓફીસમાં જે ખાતા ધારકો છે તે દૂર ૮ થી ૯ કી.મી. કેવી રીતે જઈ શકે..?? આ તમામ પ્રકારની અગવડતાઓને ધ્યાને રાખી પોસ્ટ ઓફીસની સ્થળાંતરની હલચલ બંધ કરવામાં આવે તેવી માંગ કરી છે અને તેમ છતાં તંત્ર સબપોસ્ટ ઓફીસનું સ્થળાંતર કરશે તો આ વિસ્તારની પ્રજા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેમ પણ જણાવ્યું છે.

# રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત, નવા ૨૨૨૦ કેસ

### રાજ્યમાં કોરોનાથી એક દિવસમાં ૧૦ લોકોના મોત : ગુજરાતમાં કોરોના સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું છે : ૨૪ કલાકમાં અમદાવાદમાં નવા ૬૧૩ કેસ

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૨૨૨૦ દર્દીઓ નોંધાયા હતા. તેની સામે ૧૯૮૮ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં આજે ૧૦ વ્યક્તિના કોરોનાથી મોત થયા છે. જો કે, રાજ્યમાં કોરોનાનો કુલ આંક ૩,૦૫,૩૩૮ પર પહોંચી ગયો છે. જ્યારે કુલ રિકવર દર્દીઓ ૨,૮૮,૫૬૫ છે. આ સાથે કોરોનાથી દર્દીઓનો મૃત્યુઆંક ૪,૫૧૦ પર પહોંચ્યો છે.

અત્યાર સુધીમાં કુલ ૪૭,૪૫,૪૯૪ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૬,૪૩,૮૫૫ વ્યક્તિઓના બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું. આમ કુલ ૫૩,૮૯,૩૪૯ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫ થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૧,૫૯,૦૫૭ વ્યક્તિઓને પ્રથમ ડોઝ અને ૧૧,૧૦૭ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ કરાયું. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી.

રાજ્યમાં કોવિડ-૧૯ ના ૨૨૨૦ દર્દીઓ નોંધાયા છે અને રાજ્યભરમાંથી ૧૯૮૮ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. આ સાથે જ રાજ્યનો રીકવરી રેટ ૯૪.૫૧ ટકા જેટલો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોના લીધે ૨,૮૮,૫૬૫ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૨,૨૬૩ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૧૪૭ છે. જ્યારે ૧૨,૧૧૬ લોકો સ્ટેબલ છે. ૪,૫૧૦ લોકોનાં મોત નિપજ્યા છે. આ ઉપરાંત જિલ્લાની વાત કરીએ તો અમદાવાદ જિલ્લામાં ૬૧૩ કેસ નોંધાયા છે. જ્યારે વડોદરા જિલ્લામાં ૨૫૭, સુરત જિલ્લામાં ૬૪૪ અને રાજકોટ જિલ્લામાં ૨૦૭ કેસ નોંધાયા છે. ત્યારે અમદાવાદમાં ૫ કોરોના દર્દીના મોત થયા છે. સુરતમાં ૪ અને વડોદરામાં ૧ દર્દીનું મોત થયું છે એમ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૧૦ દર્દીઓના કોરોનાથી મોત થયા છે.

# નાનાચેખલામાં નિ:સંતાન દંપતિનું જીવતાં જગતિયું યોજાશે

### તબીબ ભત્રીજાઓની અનોખી કૌટુંબિક લાગણી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

આજના યુગમાં પારિવારિક સબંધો ઉપર પૂર્ણવિરામ આવતું જાય છે ત્યારે તલોદ તાલુકાના નાનાચેખલામાં નિ:સંતાન દંપતિનું જીવતાંજીવ જગતિયું યોજાવવાનું હોવાથી નાયક સમાજમાં તડામાર તૈયારીઓ શરૂ થઈ છે. હિંમતનગરના તબીબ ડાં.જગદીશભાઈ નાયક અને ડાં.અશ્વિનભાઈ નાયકે તેમના પિતા ડાં.કાન્તિભાઈ નાયકની પ્રેરણાથી નિ:સંતાન કાકા જયશંકર કેશવલાલ નાયક અને જશોદાબેન નાયકના જીવતાં જીવ સમાજને તેડાવી જીવતચર્યા યોજવાનો નિર્ણય કરતાં તબીબ ભત્રીજાઓની કૌટુંબિક લાગણીની ચારેકોર સરાહના થઈ રહી છે.

માનવીના મૃત્યુ પછી આત્માની ઉર્ધ્વગતિ થાય તે માટે અનેક વિધિઓ શાસ્ત્રોમાં બતાવવામાં આવી છે. જેમાં મૃતકના પરિવારો ૧૨ દિવસ પછી તે પૂર્ણ કરતા હોય છે પરંતુ કોઈ નિ:સંતાન હોય ત્યારે મૃત્યુ પછી થતા વિધિવિધાન પૂર્ણ થશે કે કેમ..?? તેવી ચિંતા સ્વાભાવિક રહેતી હોય છે પરંતુ કૌટુંબિક ભાવના જો મજબૂત હોય તો જીવતાં જ જગતિયું જોવાનો મોકો મળતો હોય છે. તલોદ તાલુકાના નાનાચેખલાના જયશંકરભાઈ નાયક અને તેમનાં પત્નિ જશોદાબેન નાયક જીવતરની



મજધારે પહોંચી ગયાં હોવાથી તેમના ગોરધનદાસ જલારામ નાયક પરિવારે તેમની ઉપસ્થિતિમાં જ જીવતચર્યા યોજવાનો નિર્ણય કરી પારિવારિક સબંધોની મિશાલ કાયમ કરી છે. તા.૧૧-૪-૨૦૨૧ના રોજ પરિવારના વડીલ દંપતિની જીવતચર્યાનું આયોજન કરવામાં આવ્યું હોવાથી સમગ્ર નાયક સમાજના યુવકોએ પત્રિકા વિતરણ ઉપરાંત જીવતચર્યાના દિવસે ઉભી કરવામાં આવનાર વ્યવસ્થાની તૈયારીઓ અત્યારથી આરંભી દીધી છે. બદલાતા જતા સમયમાં પેટના જણ્યા દિકરાઓ પણ મા-બાપના મર્યા પછી જીવની શાંતિ માટે શાસ્ત્રોક્તા વિધિઓ કરવાથી દુર ભાગતા હોય છે પરંતુ નાનાચેખલાના ડાંક્ટર પરિવારે જીવતચર્યાના આયોજનથી લોહીના સબંધોનું મૂલ્ય વધારી દીધું છે.

## સમાચાર રફ્તાર

- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની એઈમ્સમાં બાયપાસ સર્જરી સફળતાપૂર્વક સંપન્ન
- પતિયાલાની નાભા જેલમાં બંધ ૪૦ મહિલાઓ કોરોના પોઝીટીવ.
- ભરૂચના ભાજપના ધારાસભ્ય દુષ્યંત પટેલ કોરોનાથી સંક્રમિત થતા વિધાનસભાના કુલ ૧૨ ધારાસભ્યો કોરોના સંક્રમિત થયા.
- ગુજરાતમાં ૧.૯૫ કરોડ ટુ વ્હીલરનો વપરાશ.
- કોરોનાની બીજી લહેર વધુ આક્રમક, ૩૦૦ ટકા તીવ્ર વાયરસ હોવાનો તજજ્ઞોનો દાવો.
- જીટીયુના રજીસ્ટ્રાર ખેર સહિત સાત કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત.
- આઠ મહાનગરોમાં ધો. ૧૨ વિજ્ઞાપ્રવાહની પરીક્ષા મુલત્વી.
- કાશ્મીરના વરિષ્ઠ નેતા ફારૂક અબ્દુલ્લા કોરોનાથી સંક્રમિત થયા.
- સચિન, યુસુફ અને બદ્રીનાથ બાદ પૂર્વ ક્રિકેટર ઈરફાન પઠાણ કોરોનાથી સંક્રમિત.
- આઈઆઈએમમાં કોરોનાગ્રસ્ત વિદ્યાર્થીઓ-અધ્યાપકોની સંખ્યા ૭૦ પર પહોંચી.
- જાણીતા પંજાબી સિંગર દીલજાનનું માર્ગ અકસ્માતમાં નિધન.
- અન્નાડીએમકેના ધારાસભ્યના ડ્રાઈવરના ઘરે ઈન્કમટેક્ષના દરોડામાં ૧ કરોડ રોકડા મળ્યા.
- એનસીપીના સુપ્રિમો શરદ પવારની તબીયત લથડતા બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરાયા.
- ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયમૂર્તિ જે.ડી. પારડીવાલા કોરોનાથી સંક્રમિત.
- વડોદરાના પો.કો. ૩૦ હજારની લાંચ લેતા રંગેહાથ પકડાયા.
- પાકિસ્તાનના પ્રેસીડેન્ટ ડૉ. અરીફ અલ્વીનને પણ કોરોના પોઝીટીવ.
- અમદાવાદ સહિત રાજ્યના ચારેય મહાનગરોમાં રાત્રિ કરફ્યુ ૧૫મી એપ્રિલ સુધી લંબાવાયો.
- સુરતમાં ૧૪૪ની કલમ જાહેર કરાઈ.

# બાયડની વલ્લભનગર પ્રાથમિક શાળામાં આધારકાર્ડની કામગીરી

### કોરોનાના વધતા કહેરથી વિદ્યાર્થી-વાલીઓ માટે માનવીય અભિગમ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

જિલ્લામાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ દરમ્યાન ગુજરાત રાજ્યની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોના આધાર એનરોલમેન્ટ અને બાયોમેટ્રીક અપડેશનની કામગીરી શરૂ કરવામાં આવી છે. ત્યારે કામગીરી બાયડ બી.આર.સી. ભવન-ચોઈલા ખાતે શરૂ કરવામાં આવી છે પરંતુ બાયડ તેમજ આસપાસની શાળાઓના વિદ્યાર્થીઓને કોરોનાના કારણે બાયડ ખાતે જ કામગીરી થાય તે માટે સી.આર.સી. હરેશભાઈ પટેલને વિનંતી કરાયા પછી મંગળવારે બાયડની વલ્લભનગર પ્રા.શાળામાં કામગીરી શરૂ કરતાં ૪૦થી વધુ વિદ્યાર્થીઓની કામગીરી પૂરી કરવામાં આવી હતી.

બાયડ તાલુકા સહિત જિલ્લામાં કોરોનાની મહામારીએ અજગરી ભરડો લીધો છે અને શાળામાં અભ્યાસ કરતા બાળકોના આધાર એનરોલમેન્ટ અને બાયોમેટ્રીક અપડેશનની કામગીરી શરૂ કરવામાં આવી છે જેમાં રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગના નાયબ શિક્ષણ નિયામક દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને આપેલી



સૂચના મુજબ એક તાલુકા દીઠ ૨ આધારકીટની ફાળવણી કરવામાં આવી હતી તેમાં આધારકાર્ડની કામગીરી માટે તાલુકાની તમામ સી.આર.સી., બી.આર.સી. સ્કુલ કક્ષાએ સંદર્ભિત પત્ર મુજબ ગાઈડલાઈન અનુસાર કામગીરી કરવાની સૂચના હતી તે મુજબ બાયડ તેમજ તેની આસપાસની શાળાઓના મુખ્ય શિક્ષક અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને ચોઈલા ખાતેના બી.આર.સી. ભવનમાં કામગીરી માટે જવું પડે પરંતુ કોરોનાની સ્થિતિ અને ગરીબ પરિવારના વિદ્યાર્થીઓ હોવાથી ખર્ચ પરવડે તેમ ન હોવાથી બાયડમાં કામગીરી થાય તે માટે વલ્લભનગર પ્રા.શાળાના મુખ્ય શિક્ષક નીતાબેન ઉપાધ્યાય તથા સ્ટાફે વિનંતી કર્યા પછી સી.આર.સી. દ્વારા કામગીરી શાળા કક્ષાએ શરૂ થઈ છે. જેમાં બાયડની અન્ય શાળાના વિદ્યાર્થીઓએ પણ આધાર એનરોલમેન્ટ અને બાયોમેટ્રીક અપડેશનની કામગીરી ઓપરેટર દ્વારા પૂરી કરવામાં આવી હતી.

# આકરૂન્દ હાઈસ્કુલમાં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલનું વિતરણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

જિલ્લાની હાઈસ્કુલોમાં ધો.૯માં અભ્યાસ કરતી કન્યાઓ માટે રાજ્ય સરકાર દ્વારા સરસ્વતી સાધના સહાય હેઠળ આ વર્ષે પણ મફત સાયકલનું વિતરણ શરૂ કરાયું છે. ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલમાં ધો.૯માં અભ્યાસ કરતી ૪૬ કન્યાઓને સાયકલનું વિતરણ કરવામાં આવ્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે અનેક પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે જેનો સીધો લાભ ગ્રામ્ય વિસ્તારમાંથી નજીકની શાળાઓમાં અભ્યાસ કરતી ધો.૯ ની કન્યાઓને પણ મળી શકે. સાયકલ મારફતે તેઓ સમયસર શાળામાં જઈ અભ્યાસ કરી શકે તે માટેની સરકારની સરસ્વતી સાધના સહાય યોજનાને અરવલ્લી જિલ્લામાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. જિલ્લામાં ધો.૯માં અભ્યાસ કરતી અંદાજીત ૨૦૦૦થી વધુ કન્યાઓને તેનો લાભ મળ્યો છે. મંગળવારે આકરૂન્દ હાઈસ્કુલમાં લાભિત કન્યાઓને નવી સાયકલનું વિતરણ થયું ત્યારે કન્યાઓ ગદગદીત બની હતી. આકરૂન્દ કેળવણી મંડળના મંત્રી હસમુખભાઈ પટેલ, આચાર્ય જે. ડી. ભાટી, શિક્ષણ કો.ઓર્ડીનેટર પંકજભાઈ કટારા તથા શાળા સ્ટાફની ઉપસ્થિતિમાં કન્યાઓને સાયકલનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# અરવલ્લીમાં સર્જાયેલા ચાર માર્ગ અકસ્માતમાં પાંચનાં મોત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

અરવલ્લી જિલ્લામાં હોળી, ધૂળેટીના પર્વ દરમ્યાન માર્ગો લોહી તરસ્યા બની ગયા. જિલ્લામાં જુદા જુદા સર્જાયેલા ૪ માર્ગ અકસ્માતમાં ૫ લોકોનાં મોત નિપજવાની સાથે ૩ જણને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. પર્વ સમયે જ માર્ગો ઉપર જીવલેણ અકસ્માતના કારણે હોળી-ધૂળેટીનો ઉત્સાહ માતમમાં ફેરવાયો હતો. બનાવ અંગે આંબલિયારા, મોડાસા ગ્રામ્ય, માલપુર અને ભિલોડા પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.

મોડાસા તાલુકાના ગણેશપુરાકંપાની સીમમાં અજાણ્યા વાહન ચાલકે ઘરેથી શાકભાજી લેવા માટે પગપાળા નિકળેલા સજાભાઈ સવજીભાઈ નામના રાહદારીને ટક્કર મારી ફંગોળી નાખતાં ગંભીર ઈજાથી મોત પિજ્યું હતું. બીજા બનાવમાં માલપુર તાલુકાના હેલોદર પાસે પૂરઝડપે પસાર થતા બાઈક ચાલકે આગળ જતી બાઈકને ટક્કર મારતાં મણાજી પટેલીયાનું ગંભીર ઈજાથી મોત નિપજ્યું હતું. જ્યારે તેમના પુત્ર અભાજીને પણ શરીરના ભાગે ઈજા પહોંચી હતી. ત્રીજા બનાવમાં ભિલોડા તાલુકાના ટોરડા ગામની સીમમાં પૂરપાટ ઝડપે પસાર થતી ઈકો કારચાલક બાબુભાઈ બકસીભાઈ કટારા (રહે.પાટીયાકૂવા, તા.ભિલોડા)એ સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં ઈકો કાર રોડની સાઈડમાં ઉંધી વળતાં અંદર બેઠેલા પાટીયાકૂવાના સોમેશ્વર મગનભાઈ કટારાનું ગંભીર ઈજાથી મોત નિપજ્યું હતું. જ્યારે ચોથા બનાવમાં બાયડ તાલુકાના ભુડાસણ ગામની સીમમાં ૨ બાઈક સામસામે ટકરાતાં દુર્ઘટના સ્થળે દહેગામ તાલુકાના ૨ યુવાનોના મોત નિપજ્યા હતા. જ્યારે ૩ જણને ગંભીર ઈજા પહોંચતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોળી-ધૂળેટીના તહેવાર સમયે માર્ગો ઉપર યમદૂતે ધામા નાખી દીધા હોય તેમ ૫ માનવ જીંદગીઓનો ભોગ લેવાતાં પરિવારોમાં ઘેરા શોકનું મોજુ ફરી વળ્યું છે.




### ધ ગુડ હ્યુમન બિઈંગ ફાઉન્ડેશન માર્ગ અકસ્માતમાં વધતા મોતને લઈ મેદાનમાં આવ્યું

રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં માર્ગ અકસ્માતનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે ધ ગુડ હ્યુમન બિઈંગ ફાઉન્ડેશન માર્ગ અકસ્માતમાં વધતા મોતને લઈને મેદાનમાં આવ્યું છે. માર્ગ અકસ્માતમાં મૃત્યુ દર કેવી રીતે ઘટાડી શકાય તે માટે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં સલામત રોડ માટે જનઆંદોલનની શરૂઆત કરી છે. ભારત સરકારના માર્ગ પરીવહન તથા હાઈવે વિભાગ, નેશનલ હાઈવે ઓથોરીટી-ગાંધીનગર કલેક્ટર તથા આર.ટી.ઓ. ગુજરાત સરકારના માર્ગ પરીવહન કમિશનર તેમજ સેક્રેટરી સાથે મળીને માર્ગ સુરક્ષા માટે જે પ્રયત્નો શરૂ કર્યા છે તેની ઝાંખી પણ રજૂ કરી છે.

માર્ગ અકસ્માતમાં જેમને પોતાના કુળદિપક ગુમાવ્યા છે તેમને પૂછો અત્યારે આ પરિવારોની હાલત કેવી છે. યોગેશ પટેલ અને તેમની ટીમ દ્વારા ધ ગુડ હ્યુમન બિઈંગ ફાઉન્ડેશનના નેજા હેઠળ સૌના માટે સલામત રોડનું અભિયાન શરૂ કર્યું છે.

## થીચરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાજપ દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરી દેવામાં આવશે. કેટલાક જુના આગેવાનોને પણ યાદીમાં સમાવવા માટેના પ્રયાસો કેટલાક આગેવાનો દ્વારા ચાલી રહ્યાની વાતો છે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષ દ્વારા પણ આજે મોડી રાત્રે અથવા વહેલી સવારે ૨૫ જેટલા ઉમેદવારોની યાદી જાહેર કરે તેવી સંભાવનાઓ છે. બન્ને પક્ષમાં ઉમેદવારોને લઈ આંતરિક વિખવાદો જે બહાર આવ્યા છે તેને લઈ પ્રદેશ નેતાગીરી ચિંતીત બની છે.

કોંગ્રેસ પક્ષમાં પણ જે ખેંચતાણ ચાલી રહી છે અને નવા દાવેદારોની દાવેદારીને લઈ નિરીક્ષકો પણ અસમંજસની સ્થિતિ અનુભવી રહ્યા છે. કોંગ્રેસના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કેટલાક યુવા ચહેરા તેમજ કેટલાક અનુભવીઓ સાથે તેઓ ઉમેદવારોને મેદાનમાં ઉતારશે. કોંગ્રેસ પક્ષ આ જંગમાં લડત આપવા ઉત્સાહિત થયેલ છે. કોંગ્રેસ પક્ષ દ્વારા આ વખતે ઉમેદવારોની પસંદગીને લઈ છેલ્લા એક સપ્તાહથી તેની કવાયત તેજ કરી છે. પણ હજુ સુધી ૪ જેટલા વોર્ડમાં જ તેની પેનલો આખરી થઈ શકી છે. જ્યારે હજુ સાત વોર્ડમાં પસંદગીને લઈ કશ્મકશ જોવા મળી રહી છે.

કોંગ્રેસ પક્ષ બે તબક્કે જ તેની યાદી જાહેર કરશે તેવી રાજકીય વર્તુળોની વાતો હવે સાચી લાગી રહી છે.

## ધરખમ ફેરફારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી અંજુ શર્મા, આરોગ્ય વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી ડો. જયંતિ રવિ, પ્રવાસન વિભાગના મમતા વર્મા, એસટી નિગમના એસજે હૈદર સહિતના ઓફિસરો પણ બદલાઈ શકે છે. એ ઉપરાંત ઈન્ડેક્સ્ટ-બીના એમડી નિલમ રાણી અને ઉદ્યોગ કમિશનર રાહુલ ગુપ્તાની પણ બદલી તોળાઈ રહી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે જયંતિ રવે પોંડીચેરી જઈ રહ્યાં છે જ્યારે નિલમ રાણીનું દિલ્હીમાં પોસ્ટીંગ થાય તેવી શક્યતા છે.

એવી જ રીતે જિલ્લા કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ તેમજ મ્યુનિસિપલ કમિશનરોની બદલી હાથ પર લેવામાં આવે તેમ છે, કારણ કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીના કારણે આ બદલીઓ થઈ શકી ન હતી પરંતુ હવે ચૂંટણી પૂર્ણ થતાં જિલ્લા વહીવટી તંત્રમાં પણ મોટાપાયે ફેરબદલના ચાન્સ છે. એપ્રિલ મહિનાના પ્રથમ સપ્તાહમાં આ બદલીઓ થાય તેવું માનવામાં આવે છે.

ફેબ્રુઆરી ૨૦૨૧માં ગુજરાતના ચીફ સેક્રેટરી અનિલ મુકીમના છ મહિનાના એક્સટેન્શનનનો સમય પૂર્ણ થતો હતો પરંતુ તેમને ફરીથી છ મહિનાનું એક્સટેન્શન મળી ચૂક્યું છે. બદલીઓ અંગે ચીફ સેક્રેટરીએ પણ તૈયારી કરી દીધી છે અને મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે ચર્ચા પણ કરી ચૂક્યાં છે.

## રચનાત્મક સુચનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બજેટના મુદ્દે અજીતસિંહ રાઠોડે ચર્ચાની માંગણી કરી હતી એટલુ જ નહિ ખુલ્લા દિલે ચર્ચા થવી જોઈએ તેવી વાત કરી આ વાતમાં કોંગ્રેસના રશ્મિજી ઠાકોર સહિતના સભ્યોએ સુર પુરાવ્યો હતો. રશ્મિજી ઠાકોરે વિકાસના કામોને લઈ પણ ઉગ્ર રજુઆતો કરી હતી.

જો કે ભાજપના સભ્યોને બજેટ પછી જે સમિતિઓની રચનાનો મુદ્દો હતો તેમાં વધુ રસ હોવાથી તમે લેખિતમાં તમારી રજુઆતો આપજો અમે સમાવવા જેવા સુચનો હવે પછીના સુધારા બજેટમાં સમાવી લઈશુ એમ કહીને બજેટને પસાર થયેલુ જાહેર કરાયુ હતુ.

આ પછી સમિતિઓની રચનાનો મુદ્દો હાથ પર લેવાની ઉતાવળમાં મનરેગાનું લેબર બજેટ રજુ કરવાનું રહી ગયુ હતુ. પ્રમુખે સમિતિઓના નામોની દરખાસ્ત વાંચી સંભળાવી હતી. આ વખતે પણ કોંગીના અજીતસિંહ રાઠોડ અને રશ્મિજી ઠાકોરે બજેટ મંજૂરી માટે રજુ કરો તેવી માંગણી સાથે ભારે હોબાળો કરી દીધો હતો.

અજીતસિંહ રાઠોડે કહ્યુ કે મનરેગા એ કાયદો છે અને તેમાં જિલ્લા પંચાયતના સભ્યોને મત રજુ કરવાનો અધિકાર છે. ચર્ચા થવી જોઈએ જો કે આ બાબતે તેમણે કોર્ટના ચુકાદા અને માર્ગદર્શિકા જે ભારત સરકારે જારી કરેલી છે તે ડી.ડી.ઓ.ને આપવા કહેતા તેમણે ઈન્કાર કરી કહ્યુ કે એ હું પછી જોઈ લઈશ. તો ભાજપના સભ્યોએ બજેટ મંજૂર કરી દીધુ એટલે બધુ થઈ ગયુ એમ માની લેવાનું હોય.

સભાના અંતિમ એજન્ડામાં વિકાસના કામોની મુદત વધારવાનો નિર્ણય પણ મૌખિક મતદાનને લઈ પસાર કરાયો હતો. આ બાદ જિલ્લા વિકાસ અધિકારી અને અધિકારીઓ તેમજ ભાજપના સભ્યો સભાગૃહ છોડી ગયા હતા. આજની બેઠકમાં ભાજપે ઉભા કરેલા ઘોંઘાટિયા વાતાવરણમાં કોંગ્રેસે પણ આક્રમકતા સાથે રજુઆતો કરી સૌને ચોંકાવી દીધા છે. જો કે આજની આખીય સામાન્ય સભને પ્રતિશેધ કરવી જોઈએ તેવી માંગ સાથે કોંગ્રેસ વિકાસ કમિશનરને રજુઆત કરશે તેમ જાણવા મળેલ છે.

## પોલીસ પર હુમલો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભૂમિકા હતી કે કેમ તેની તપાસ હાલમાં ચાલી રહી છે.

પોલીસનુ કહેવુ છે કે, ગુરુદ્વારા સમિતિએ ધાર્મિક સરઘસ નહીં કાઢવા માટે અમને આશ્વાસન આપ્યુ હતુ અને કાર્યક્રમનુ આયોજન ગુરુદ્વારાની અંદર કરવાની પણ ખાતરી આપી હતી. જોકે એ પછી સોમવારે સાંજે ચાર વાગ્યે યુવાઓ ગુરુદ્વારાની બહાર આવ્યા હતા અને પોલીસ પર હુમલો કર્યો હતો.

## લોકડાઉન સામે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગરીબ વર્ગના લોકોને થશે અને તેમની મુશ્કેલીઓ વધી શકે છે.

દરમિયાન સીએમ ઠાકરે દ્વારા આજે પણ અધિકારીઓની એક બેઠક બોલાવવામાં આવશે.જેમાં ગરીબો અને ઈકોનોમીને નુકસાન ના થાય તે રીતે લોકડાઉન લાગુ થઈ શકે છે કેમ તેના પર ચર્ચા વિચારણા કરશે.આ ગાઈડ લાઈનને ૨ એપ્રિલથી લાગુ કરાય તેવી શક્યતા છે. છેલ્લા એક મહિનામાં મહારાષ્ટ્રમાં કોરોનાના ૬ લાખ નવા કેસ સામે આવી ચુક્યા છે અને હજી પણ કોરોના કાબૂમાં આવે તેવુ લાગી રહ્યુ નથી.

## હાહાકાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ એ.સી.નું રીપેરીંગ કામ કરનાર ટેકનીશ્યનનો સમાવેશ થાય છે.

આજે સે. ૭ માં ૫ કેસ ઉપરાંત સે. ૧૪માં ૩ તેમજ સે. ૯ માં ૨, સે. ૨૨ માં ૨, સે. ૨૧માં ૨, સે. ૨૩ માં ૨, સે. ૨૦ માં ૨, સે. ૨૯ માંથી બે કેસ મળેલ છે. આ ઉપરાંત સે. ૧, ૫, પાલજ, જીઈબી, સે. ૮ અને સે. ૨૫ માંથી પણ કેસ મળી આવેલ છે. શહેરમાં સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ આગામી દિવસોમાં આકરા પગલાં લેવાની દિશામાં તંત્રએ વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને પગલે તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન, માસ્ક ફરજીયાત પહેરવાના નિયમનું અને હોમ આઈસોલેશન તેમજ હોમ ક્વોરોન્ટાઈનના નિયમોના કડક અમલીકરણ માટે સુચનાઓ આપી છે. શહેરમાં આજે ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં એક્ટીવ કેસના દર્દીઓની સંખ્યા ૨૨૫ ના આંકને પાર કરી ગઈ છે. શહેરમાં આજે ૪ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

## દુ:ખદ અવસાન



મોડાસાના સતિષભાઈ ભાટીયા(સીનીયર આસીસ્ટન્ટ : સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, સાઠંબા શાખા), બિપીનભાઈ ભાટીયા (હાલ રહે.બાયડ) અને અતુલભાઈ ભાટીયાનાં માતા મધુબેન ભીખાલાલ ભાટીયાનું નિધન થયેલ છે. સ્વર્ગસ્થનું સૂતક અને બેસણું તા.૫ એપ્રિલ, સોમવારે તેમના નિવાસસ્થાન ૫૩, રત્નદિપ સોસાયટી, માલપુર રોડ, મોડાસા ખાતે રાખેલ છે.